આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૨/૧૦/૨૦૨૬ થી
તા.૧૮/૧૦/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ **મો. નં.: 9825726442**

E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ):- ચાલુ વીકમાં પોતાના કામને લગતું નવું શીખવાથી કેરીયરમાં નવી તક ઊભી થાય. ઘરમાં ખુશીજનક વાતાવરણ રહે. મહેમાન પરિવાર સાથે સમય પસાર કરવાથી સામાજિક સંબંધો મજબૂત બનશે. પ્રેમવિવાહ બાબતે મદદ મળે. રોજની આવક વધે. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. નવા રોજગારની તક મળે. સરકારી યોજનાનો લાભ મળે. વારસા અને ઉઘારી બાબતે અનુકૂળતા થાય. વિદેશમાં ઉચ્ચ શિક્ષણની યોજનામાં પ્રગતિ થાય.

વૃષભ (બ,વ,ઉ):- ચાલુ વીકમાં કાર્યસ્થળ પર વિવેકપૂર્ણ વ્યવહાર રાખવો. તમારા મહત્ત્વના કામમાં મદદ મળી શકે તેમ છે. ઉધાર લેવા દેવાનું ટાળવું. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. નવી જવાબદારીથી કામનો બોજ વધે. તબિયત નરમ રહે. સરકારી નોકરીની યોજનામાં હકારાત્મક પ્રગતિ થાય. તમારી વ્યવહાર કુશળતા અને વહીવટી કુનેહના કારણે નવી તક મળે. સમાજ અને કુટુંબજીવનમાં માન વધે તેવાં કામ પાર પડશે.

મિથુન (ક,છ,ઘ):- સપ્તાહ પ્રેમ પ્રકરણોમાં અનુકૂળતાવાળું તથા અચાનક ઈચ્છિત મુલાકાતવાળું રહે. સંતાનોના પ્રશ્નો સતાવે. પુત્રીસંતાન અને જીવનસાથીનો સાથ મળે. નવા સામાજિક સંબંધો બને. આવક વધારવાની યોજના પાર પડશે. મિત્રોનો સાથ મળે. ધાર્મિક પ્રવાસ થાય. નોકરી-ધંધામાં ભાગ્યનો સાથ મળે. સ્વભાવ સ્વતંત્ર અને નિડર બને. માતા સાથે વિવાદથી અશાંતિ પેદા થાય. સામાજિક કામ આગળ વધે. શુભ સમાચાર મળે.

કર્ક (ડ,હ):- ચાલુ વીકમાં ઘર પરિવારમાં ખુશી અને ધાર્મિકયુક્ત વાતાવરણ રહેવાથી મન પ્રફુલ્લિત રહેશે. નોકરીમાં નવી જવાબદારીથી પ્રભાવ વધશે. મહત્ત્વના ફેરફારથી નવું શીખવા મળે. સંપત્તિ-વારસા, મકાન, વાહનની યોજનામાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. શેર, સટ્ટા, લોટરી વાયદાનાં કામ થાય. પ્રેમમાં અચાનક મિલન થાય. વિશ્વાસ વધે. સ્વાર્થી મિત્રોથી સાવધાન. નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થઈ શકે છે.

સિંહ (મ,ટ):- ચાલુ વીકમાં જૂના સંબંધોને ટકાવવાની કોશિશ સફળ રહે. ધીરજ અને સમજદારીથી કાર્યબોજ ઓછો થાય. જીવનસાથીનો સાથ મળે. નવા વેપારની શરૂઆત થાય. ધાર્મિક યાત્રા થાય. દલાલીના કામમાં આવક વધે. ભાડાની આવક વધે. નવી પ્રોપર્ટીની ખરીદી થઈ શકે છે. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં અનુકૂળતા રહે. પ્રેમમાં ધીરજ રાખવી. વિદ્યાર્થીઓની મહેનત ફળે.

કન્યા (પ,ઠ,ણ):- સપ્તાહ દરમિયાન આર્થિક બાબતે ચોક્કસ બનશો. નવાં રોકાણ થાય. ઉઘરાણી આવે. ઘરમાં ધાર્મિક વાતાવરણ રહે. વારસા બાબતે પ્રગતિ થાય. ખાણી-પીણીના વેપાર ધંધામાં આવક વધશે. પારિવારિક ધંધામાં નવી યોજના બને. ઉચ્ચ શિક્ષણ, સાહિત્ય, નૃત્ય, કલાક્ષેત્રે પ્રગતિ થાય. ઘરમાં નવા ફેરફાર થાય. અવરજવર વધે.

તુલા (ર,ત):- ચાલુ વીકમાં ક્રિએટીવ બનશો. રંગીન-રોમેન્ટીક મુલાકાત થાય. પ્રેમમાં વિશ્વાસ વધે. કાર્યસ્થળ પર તમારી વહીવટી કુશળતાની કદર થાય. ઈન્ટરવ્યુમાં સફળતા મળે. વિજાતિય મિત્રોનો સાથ મળે. ઘર-પરિવારમાં ધાર્મિક ઉત્સવ જેવું વાતવરણ રહે. વારસાનાં કામ થાય. સંતાનોના ભવિષ્યની યોજના બને. આધુનિક ટેકનોલોજીને લગતાં કામ સફળ બને. ઉતાવળમાં કોઈને વચન આપવું નહીં.

વૃશ્ચિક (ન,ય):- સપ્તાહ ધાર્મિક યાત્રા અને પૂજા ઉપાસનામાં પસાર થાય. વિદેશનાં કામ થાય. કોર્ટ-કચેરીમાં રાહત રહે. અંગત જીવનમાં રસિક મુલાકાત થાય. વિલાસી લોકોને પ્રતિષ્ઠાની હાનિ થઈ શકે. ઉધાર-લેવા-દેવાનું ટાળવું. ટેકનોલોજીનું જ્ઞાન ઉપયોગી બનશે. નવા ઘર, વાહનની યોજના બને. નોકરીમાં નવી જવાબદારી વધશે. દાંપત્યમાં તાલમેળ રહે. પ્રેમવિવાહની ઓફર આવી શકે છે.

ધન (ભ,ધ,ફ,ઢ):- ચાલુ વીકમાં પ્રેમમાં મિલન મુલાકાતથી આત્મીયતા વધશે. પ્રેમવિવાહની ઓફર આવી શકે છે. ઘરમાં સંતાનોના કામની યોજના બને. પુત્રી સંતાનની ચિંતા સતાવે. વફાદાર મિત્રોની સલાહ અને મદદથી રાહત થાય. શેરબજારમાં તક મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રવાસ થાય. ધાર્મિક પ્રસંગમાં ભાગ લેવાનું બને. સરકારી નોકરિયાતે સાવધાની રાખવી. અચાનક સફળતા કે શુભ સમાચારથી ઉત્સાહ વધશે.

મકર (ખ,જ):- ચાલુ વીકમાં આવક વધારવાની યોજના પાર પડે. મોજ-શોખ, કોસ્મેટીક, બ્યુટી પાર્લર, ગારમેન્ટ્સ વગેરે ધંધામાં આવક વધે. સ્ત્રી વર્ગ સાથે વ્યવહારમાં સાવધાની રાખવી. નવી નોકરીની તક ઊભી થાય. સંતાનોના કામમાં સાથ મળે. વિદ્યાર્થીઓને મદદ મળે. નવાં રોકાણથી લાભ થાય. ધાર્મિક યાત્રાથી શાંતિ મળે. ગુપ્ત ભય સતાવે. કોર્ટ-કચેરીમાં ધીરજ રાખવી. ખર્ચા વધશે.

કુંભ (ગ,સ,શ,ષ):- સપ્તાહ દરમિયાન ઘર, પરિવારમાં ધાર્મિક વાતાવરણથી શાંતિ મળે. ઉચ્ચ શિક્ષણ, વિદેશ અને કાયદાકાનૂન બાબતે મધ્યમ પ્રગતિ થાય. હરીફાઈયુક્ત પરીક્ષા કે કામમાં હકારાત્મક પ્રગતિ થાય. આર્થિક પ્રગતિથી નવાં રોકાણ થાય. નોકરીમાં નવા ફેરફારથી અનુકૂળતા થાય. જાહેર જીવનમાં યશ મળે. સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં લાભ થાય તથા શેરબજારનાં કામ થાય. પ્રેમવિવાહની ઓફર આવી શકે છે.

મીન (દ,ચ,ઝ,થ):- સપ્તાહ સરકારી કામ કે નોકરીમાં નવી જવાબદારી મળે. નવું શીખવા મળે. વારસાનાં કામ થાય. ઉધાર લેવા-દેવાનું ટાળવું. મન પર ભાર રહે. આરોગ્ય સુધરશે. ગુપ્ત ભય સતાવે. ધાર્મિક પ્રવૃત્તિથી મનને શાંતિ મળે. વડીલોની મદદથી નવા કામમાં પ્રગતિ થાય. વિદેશ પ્રવાસ, આયાત-નિકાસનાં કામ થાય. ઉચ્ચ શિક્ષણમાં તક મળે. વેપારમાં નવી યોજના પાર પડે. નોકરીમાં પ્રમોશન મળી શકે.

C.J.P. આંદોલન અને આબાલવૃધ્ધ મહિલાનો પ્રભાવ

C.J.P.નું આંદોલન ફરીથી શરૂ થયું છે અને તે પોતાનું ધ્યેય પૂર્ણ કરીને જ જપશે

ભારતની આઝાદી અને તે પહેલાં પણ કોઈ પણ ક્રાંતિકારી લડાઈમાં સ્ત્રીઓનો પ્રભાવ ખૂબ જ મહત્ત્વનો સાબિત થયો છે. ભારતમાં સ્ત્રી શિક્ષણની ક્રાંતિથી લઈને દેશનું શાસન તેમજ પ્રશાસન વગેરેમાં ભારતીય નારીની ન ભુલાય તેવી કામગીરી રહી છે. ભારતમાં આઝાદીથી અત્યાર સુધીના વડા પ્રધાનોમાં ઈન્દિરા ગાંધીને ક્યારે પણ કોઈ નહીં ભૂલે, કારણકે તેમણે દેશના ગૌરવને દુનિયામાં પ્રસ્થાપિત કર્યું છે. તાજેતરનાં આંદોલન Crokroach Janta party/ Citizens for Justice and peace અને Chipko Movement વગેરેમાં મહિલાઓની સશકત ભૂમિકાને જ્યોતિષની દૃષ્ટિએ સમજવાની કોશિશ અત્રે રજૂ કરવાની નમ્ર કોશિષ. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે જ્યારે પણ મહિલાઓ કોઈ સામાજિક ન્યાય, રાજકારણની ખોખલી નીતિ, પર્યાવરણ, શિક્ષણ વગેરેના હક્ની લડાઈ માટે જ્યારે રોડ પર ઊતરે છે ત્યારે તેમની આંતરિક શક્તિને ખાસ કરીને ચંદ્ર, મંગળ, શુક્ર, બુધ અને પૃથ્વી તત્ત્વની રાશિ તથા પૃથ્વી તત્ત્વના ગ્રહો, પૃથ્વી તત્ત્વનો લગ્નનો ખૂબ જ પ્રભાવ તેમનામાં જોવા મળે છે. ચંદ્રમાં તેમનામાં માતાની, કરુણા અને સુરક્ષાની ભાવના પેદા કરે છે જે આપણને ચિપકો આંદોલનમાં જોવા મળ્યું. મંગળ સાહસ, નિડરતા અને નેતૃત્વક્ષમતા, જે આપણને ઝાંસીની રાણી સહિત અનેક નામી-અનામી વીરાંગના અને ઈન્દિરા ગાંધી અને તાજેતરના CJP ના જંતરમંતર આંદોલનમાં પોલીસની લાઠી અને દમન સામે અડગ ઊભી રહીને વિદ્યાર્થિનીઓનો સંઘર્ષ જોવા મળ્યો.

શુક્ર સામુહિક એકતા અને શાંતિપ્રિય પ્રતિરોધ તેમજ અહિંસક માર્ચથી સમાજને જોડવાની શક્તિ આપે છે તેમજ ક્રિએટીવ અને કલાત્મક રજૂઆત, બુધ, બૌધ્ધિક, વકતૃત્વ પ્રભાવશાળી રજૂઆત અને નવી વિચારધારાને કલાત્મક રીતે રજૂ કરવાની પ્રેરણા આપે છે. હાજરજવાબીપણાથી સામેની વ્યક્તિને આંજી દેનાર વ્યાવહારિક રજૂઆત વગેરે બુધ આપે છે. બુધ પૃથ્વી તત્ત્વનો ગ્રહ છે જે ધૈર્ય અને એકબીજાને પોતાના વિચારોથી જોડવાની કલા આપે છે. આ તમામ બાબતો આપણને C.J.P.ના આંદોલનમાં યુવતિઓ સહિત મહિલામાં જોવા મળી છે.

વૈદિક જ્યોતિષ પ્રમાણે મહિલાઓમાં આદ્ય શક્તિનો વાસ માનવામાં આવે છે. જ્યારે સમાજમાં અસંતુલન પેદા થાય છે ત્યારે ગ્રહોની ઊર્જા મહિલાઓના માધ્યમથી પ્રગટ થાય છે. આંદોલનમાં મહિલાઓની હાજરી કેવળ એક ભીડ નહીં પણ શુક્ર (શાંતિ અને ન્યાય) ના રૂપે દુર્ગા (રક્ષક)ના મિશ્રણ રૂપે હોય છે. જો બડે બડે કે શક્તિશાલી સામ્રાજ્ય કે સત્તાને ઝુકાવવા કે ઝૂકવા પર મજબૂર કરી દે છે. C.J.P.નું આંદોલન તા. 06-06-2026ની સવારે લગભગ 8.30 કલાકે જંતરમંતર પર અભિજીત દિપકે ત્યાં પહોંચીને શરૂઆત કરી ત્યારે આકાશમાં પુનર્વસુ નક્ષત્રનું બુધ જે પૃથ્વી તત્ત્વનો ગ્રહ છે તેનું મિથુન લગ્ન ઉદિત હતું. લગ્નમાં લગ્નેશ બુધ અને પંચમેશ શુક્રની યુતિ લગ્નમાં હતી જે સ્ત્રી શક્તિના પ્રતીક સમાન બળવાન હતું. બુધ વિદ્યાભ્યાસ વિદ્યાર્થી, તેમજ આધુનિક વિચાર અને ટેકનોલોજીનો કારક છે જ્યારે શુક્ર વિપરીત રાજયોગ કરતો દુર્ગા-શક્તિનો કારક, શુક્ર, જીવંત શક્તિનો કારક છે. તે કાર્યના આરંભને રૂકવા દેતો નથી અથવા નિષ્ક્રિય થવા દેતો નથી તે આ આંદોલનને શક્તિવંત રાખવાની શક્તિ આપતો હતો. શુક્ર સંજીવની વિદ્યાનો કારક છે. માટે મંદ પડેલા કામને ફરીથી પૂર્ણ જોશથી શરૂ કરે છે. માટે જC.J.P.નું આંદોલન ફરીથી શરૂ થયું છે અને તે પોતાનું ધ્યેય પૂર્ણ કરીને જ જપશે.કુંડલીમાં છઠ્ઠાનો માલિક મંગળ લાભસ્થાનમાં પોતાની હકારાત્મક અગ્નિ તત્ત્વની સ્વરાશિ મેષમાં અતિ બળવાન બને છે અને રોગ શત્રુ હંતા યોગ શત્રુને મંગળ બળવાન બનાવે છે. મંગળને સાહસ, ઊર્જા અને યુધ્ધનું પ્રતીક માનવામાં આવે છે. Crokcroach Janta Party અને વિદ્યાર્થી આંદોલનમાં જ્યારે નિડર મહિલા- પત્રકારો અને વિદ્યાર્થિનીઓ પર લાઠીચાર્જ અને દુર્વ્યવહાર થયો છતાં પણ તે ડરી કે ડગી નહીં. પરંતુ મજબૂતીથી પોતાના અવાજને બુલંદ કરીને લડતી રહી. ઘાયલ શેરનીની ઝલક ત્યાં જોવા મળી. જ્યોતિષની દૃષ્ટિએ જ્યારે કોઈ પણ આંદોલનમાં મહિલાઓનો મંગળ સક્રિય (Active) બને છે ત્યારે તે એક યોધ્ધાનું રૂપ લઈ લે છે જે પોતાના અધિકારો માટે પુરુષોના ખભાથી ખભા મેળવીને પુરુષો સાથે લડતી રહે છે તે એક યોધ્ધાની સાથે એક માતાના રૂપમાં આવી જાય છે. અહીં કુંડલીમાં બીજા સ્થાનનો માલિક ચંદ્ર આઠમે રહીને પોતાના ઘરને દેખે છે જે કુટુંબસ્થાન છે. ચંદ્ર ગુરુની શુભ દૃષ્ટિમાં છે અને મંગળના નક્ષત્રમાં સક્રિય બને છે. જેમ માતા- પોતાના બાળકોના રક્ષણ માટે શેરની બને છે તેમ આંદોલન વખતના ચંદ્રની સક્રિયતાના કારણે તમામ આબાલવૃધ્ધ મહિલાઓ રક્ષાત્મક પ્રવૃત્તિમાં આવી ગઈ હતી.

આ કુંડલીમાં રાહુ ભાગ્યમાં છે, જ્યોતિષની દૃષ્ટિએ ભાગ્યનો રાહુ સ્ત્રી જાતકને ખૂબ જ નિડર-સ્વતંત્ર અને ન્યાય માટે ગમે તે હદ સુધી લઈ જાય છે. રાહુ અચાનક કોઈ મોટા જન આંદોલન અને સોશ્યલ મીડિયાની ક્રાંતિનો કારક છેતેની સક્રિયાથી C.J.P.ના આંદોલનમાં યુવતિઓ રૂઢિવાદી બેડીઓને તોડીને બીંદાસ પોતાની ક્રિએટીવીટીથી CJP આંદોલનમાં પોતાની ઊર્જાને ડિજિટલ મીડિયામાં રિલ દ્વારા એક અલગ જ ઓળખ પેદા કરીને આંદોલનની દિશા જ બદલી દીધી. રાહુ-બુધ કુંડલીમાં ખૂબ જ બળવાન બને છે. આ બંને ગ્રહો સંચાર-પ્રસારણના કારક છે. બળવાન શનિ કેન્દ્રમાં જે જનતા અને ન્યાયનો કારક છે. જનતાની ન્યાયની લડાઈને સક્રિય કરનાર શનિ ખૂબ જ બળવાન અવસ્થામાં છે. **શનિ-રાહુની સક્રિયતાના કારણે C.J.P.નું આંદોલન પરિણામ મેળવ્યા વગર અટકવાનું નથી અને આ આંદોલનમાં યુવતિઓ સહિત મહિલાની હાજરી હોવાથી તેમજ આંદોલનપ્રણેતા અભિજીતની કુંડલીમાં આકર્ષણ યોગના કારણે દેશની મહિલા-પુરુષ-બાળક-કિશોર વગેરેનો સાથ આંદોલનને પૂર્ણ રીતે સફળ કરશે.**

જ્યોતિષની દૃષ્ટિએ ભાગ્યનો રાહુ સ્ત્રી જાતકને ખૂબ જ નિડર-સ્વતંત્ર અને ન્યાય માટે ગમે તે હદ સુધી લઈ જાય છે. રાહુ અચાનક કોઈ મોટા જન આંદોલન અને સોશ્યલ મીડિયાની ક્રાંતિનો કારક છે

અનુસંધાન... પાના પહેલાનું

રિયાધ એરપોર્ટ...

ઘાતક હુમલામાં ઓછામાં ઓછા 11 ભારતીયો ઘાયલ થયા હતા, શનિવારે રિયાધના કિંગ ખાલિદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર થયેલા હુમલાથી યમનના ઈરાન-સમર્થિત હૂતીઓ અને સાઉદી અરેબિયા વચ્ચેના યુદ્ધમાં મોટો ઉછાળો આવ્યો છે તથા અમેરિકા-ઈરાન યુદ્ધને રોકવાના મંદ પડી ગયેલા પ્રયાસો વધુ જટિલ બન્યા છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ વિદ્રોહીઓ સામે સાઉદીના હુમલામાં જોડાવું કે કેમ તે અંગે વિચારણા કરી રહ્યા છે, જે એવી પરિસ્થિતિ સર્જી શકે છે જે હૂતીઓને એક મહત્વપૂર્ણ જળમાર્ગ દ્વારા શિપિંગ અટકાવવા અને પર્શિયન ગલ્ફમાંથી તેલના પ્રવાહને વધુ પ્રતિબંધિત કરવા માટે પ્રેરી શકે છે. રવિવારના રોજ બાદમાં, હૂતી સંચાલિત આરોગ્ય મંત્રાલયે અહેવાલ આપ્યો કે યમનની રાજધાની સનામાં એક ઘર પર શંકાસ્પદ સાઉદી હવાઈ હુમલામાં એક બાળકનું મૃત્યુ થયું હતું અને છ લોકો ઘાયલ થયા હતા. સાઉદી સત્તાવાળાઓ તરફથી કોઈ તાત્કાલિક ટિપ્પણી કરવામાં આવી ન હતી. મંત્રાલયના જણાવ્યા અનુસાર પાંચ અઠવાડિયામાં સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધન દ્વારા ૯૧ યેમેનીઓ માર્યા ગયા છે અને ૧૬૮ ઘાયલ થયા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે માર્યા ગયેલા લોકોમાંથી ૬૦ ટકા મહિલાઓ અને બાળકો હતા. સાઉદી સરકારે રવિવારે જણાવ્યું હતું કે રાજધાનીની શાળાઓ સપ્તાહના અંત સુધી ઓનલાઈન વર્ગો ચલાવશે. દરમિયાન, ફ્લાઈટરેડર૨૪ના જણાવ્યા અનુસાર, સત્તાવાળાઓએ રવિવારે રાત્રે ૯ વાગ્યા સુધી ચાલુ એરપોર્ટ બંધ રાખવાની મુદત લંબાવી હતી. સાઉદી એરપોર્ટ પર થયેલા આ તાજેતરના હુમલાની ઈરાક, લેબાનન અને સીરિયા સહિતના આરબ દેશો તેમજ યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસ અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને નિંદા કરી છે. ભારતે પણ આ હુમલાની સખત ટીકા કરી છે. વિદેશ મંત્રાલયે એક નિવેદન બહાર પાડીને આ હુમલાને વખોડવાની સાથે જણાવ્યું હતું કે નાગરિકો અને જાહેર માળખા પરના હુમલાઓ અસ્વીકાર્ય છે.

ટ્રમ્પે રશિયા-યુક્રેન...

અને વ્હાઈટ હાઉસે પણ પ્રમુખની આ પોસ્ટ અંગે કોઈ સ્પષ્ટતા કરી ન હતી. અગાઉ અમેરિકી પ્રમુખે દાવો કર્યો હતો કે વોલોદિમીર ઝેલેન્સ્કીએ રશિયા સાથે યુદ્ધ સમાપ્ત કરવા માટે પૂરતા પ્રયાસો કર્યા નથી અને અમેરિકામાં ડીઝલના ઊંચા ભાવ માટે તેમને જવાબદાર ઠેરવ્યા હતા. ટ્રમ્પે કહ્યું, “હું સૂચવું છું કે તેઓ એક નવા નેતા લાવે જે સમજૂતી કરી શકે, કારણ કે તેઓ ઘણી સમજૂતીઓ કરી શક્યા હોત પણ કોઈ કારણોસર તેમણે ક્યારેય એવું કર્યું નથી.” ટ્રમ્પે આ ટિપ્પણી એવા સમયે કરી છે જ્યારે રશિયાએ યુક્રેનમાં નાગરિકો પર ઘાતક હુમલા કર્યા હતા, જેને ઝેલેન્સ્કીએ ડીઝલ સોદા બદલ ટ્રમ્પને આપેલો “આભાર” ગણાવ્યો હતો.

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, સબ–ડીસ્ટ્રીકટ : સુરત સીટી, **મોજે ગામ : ભેસ્તાન** ના રે. સર્વે.નં. ૭, ૮ પૈકી, ૧૪/૧, ૧૪/૨ પૈકી, ૧૪/૩ પૈકી, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫/૧, ૨૫/૨, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૪૨, ૪૪, ૪૫, ૪૬ અને ૫૫ પૈકી થી નોંધાયેલી જમીનમા આયોજીત **"ભગવતી ઈન્ડસ્ટ્રીયલ"** માં આવેલ પ્લોટ **નંબર : AO/૩૩** વાળી મિલકત, તેનાં હાલના માલિક નિતિનકુમાર દશરથભાઈ પટેલે તેઓની માલિકી કબજા ભોગવટાનું હોવાનું જણાવી અમારા અસીલ બેંક કને લોન મેળવવા અરજી કરેલ છે અને અમો કને ટાઈટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરેલ છે. પરંતુ તેઓના જણાવ્યા મુજબ સદરહુ મિલકતનાં અગ્રહકકધારીના વેચાણ દસ્તાવેજ રજી. નં.૧૦૭૦૫, તા.૦૮.૧૧.૨૦૦૪ ની અસલ રજી. ફી ભર્યાની રસીદ ગુમ યાને ગેરવલ્લે થઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. માટે સદરહુ મિલકત બાબત યા ગુમ થયેલ મજકુર અસલ રજી. ફી ભર્યાની રસીદ બાબત કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે દર દાવો હોય યા કોઈના કબજા ભોગવટામાં હોય તો દિવસ–૭ માં દસ્તાવેજી પુરાવા સહીત અમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈનો હકક, હિત વીગેરે નથી યા તો જતા કરેલા છે તેમ માની અમારા અસીલ બેંક સદરહુ મીલકતનું ગીરોખત કરાવી લેશે અને તે રીતે સદરહુ મીલકત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહી. જેની આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફીસ : ૪૦૧, સત્યમ કોમ્પલેક્ષ,
મુદીતા મીઠાઈની સામે, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા,
સુરત-૧, ગુજરાત મો.૯૮૨૫૨ ૯૭૧૦૦

નિશીથ કે. સુખડવાલા
તે ખરીદનારના એડવોકેટ

PUBLIC NOTICE



I, the undersigned Ramakbal Ramdabar Maurya— residing at 84/A, Om Hariom Residency, near Tulsi Paper Mill, Surat-Bardoli Road, Gangadhara (Kareli), Taluka Palsana, District Surat—hereby state that the person shown in the adjacent photograph (my own son), Kamlesh Ramakbal Maurya, left home without informing anyone and abandoned my client (his father). My client has no knowledge of his current whereabouts or place of residence, and the son is beyond my client's control. He has a history of various vices and a propensity for criminal activity. My client is unaware of, and has not abetted or supported, any of his son's financial dealings, criminal acts, or other misdeeds. Henceforth, no legal relationship exists or is maintained between my client and his son. This public notice is issued to inform relatives and the general public that my client's own son—whose photograph is displayed alongside—has been misusing his family identity to engage in fraudulent financial transactions, extort money by executing documents regarding my client's property, and cause other forms of interference. Everyone is hereby warned not to enter into any financial transactions, execute any documents, or engage in any dealings whatsoever with Kamlesh Ramakbal Maurya—the person shown in the photograph—in my client's name or concerning my client's existing properties. Anyone failing to heed this warning will face unnecessary legal disputes and nothing else; my client shall bear no liability or responsibility in this regard. The general public is requested to take note of this.

ADD:- PALSANA, TA-PALSANA,
DIST-SURAT.

Kalpesh V. Mohite
is the Advocate for
Ramakbal Ramdabar Maurya.

મોજે ઉધના માં !! કાશીનગર કો.ઓ.હા.સર્વિસ સોસાયટી (સુચિત) !! માં આવેલ પ્લોટ નંબર : ૨૨૮ અંગે ટાયટલ કલીયર અને વેચાણ અંગે જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ સુરત સબડિસ્ટ્રીકટ સુરત સીટીનાં મોજે ઉધના વિસ્તારનાં રે.સ. નં : ૨૫૧ પૈકી, જેનો ટી.પી. સ્કીમ નં. ૦૨ (ઉધના), ઓરીજીનલ પ્લોટ નંબર : ૪૨/૧, ફાયનલ પ્લોટ નં. ૧૦૦ માં પાડવામાં આવેલા !! કાશીનગર કો.ઓ.હા.સર્વિસ સોસાયટી (સુચિત) !! માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટનંબર : ૨૨૮ બાંધકામ સહીતની મિલકત જેનો ટેનામેન્ટ નંબર : 27F-07-2271-0-001 છે તેનાં માલિક તથા કબજેદાર તરીકે શ્રી પ્રકાશ બાલુ શિંદે એ પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી હોવાનું જણાવી તેમની અગાઉનાં અગ્રહકકધારીની તારીખ : ૧૭/૦૫/૧૯૮૪ નાં રોજની બશીરભાઈ અબ્દુલ કરીમ મેમણ અને તારીખ : ૦૫/૦૩/૧૯૯૧ નાં રોજની લકકડ બાવદિનભાઈ રહેમાનભાઈની કબજા રસીદો ગુમ થયેલ/ગેરવલ્લે થયેલ હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે. અમારા અસીલ ટુંક સમયમાં સદરહું મિલકતનો વેચાણ અવેજ ચુકવી કબજા સહીતનો કરાર યાને કબજા રસીદ કરાવી લેનાર છે. જેથી ઉપરોકત મિલકતમાં કોઈપણ વ્યકિતનો કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દર-દાવો કે અન્ય કોઈપણ પ્રકારના હક કે અધિકાર હોઈ યા ઉપરોકત મિલકત ઉપર કોઈપણ પ્રકારનો બોજો કે લેણું, હિતસંબંધ, ઈઝમેન્ટ કે અન્ય હક્કો, સાટાખત યા તે પ્રકારના લખાણો હોય કે જેમને આ વેચાણ અંગે વાંધા કે વિરોધ હોઈ તેઓએ આજથી દિન-૭ માં અમારા અસીલ વતી અમોને લેખિત વાંધા પુરાવાઓ સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કોઈ ઢીલ કે ક્સુર થશે તો સદરહું મિલકતો અંગે કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હિસ્સો, સંબધ, લાગભાગ કે દરદાવો યા ઈઝમેન્ટ કે ખોરાકી-પોષાકીના હક્કો નથી અને હોય તો તે જતા યાને વેવ કરેલા છે તેમ માની અમારા અસીલ મજકુર મિલકતના તમામ હક્કો સહીતનો કબજા સહીતનો કરાર યાને કબજા રસીદ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ તરતકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ નં.૧ (પાર્કીંગ), ગ્રાઉન્ડ ફ્લોર, દિપ્તીનગર એપાર્ટ,
મહારાજા સિનેમા પાસે, સલાબતપુરા સુરત.
મો : ૯૩૭૪૭-૨૪૧૮૮

જીતેન્દ્ર એ. નેમલાવાલા
એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટના સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે ગામ વેસુના રે.સર્વે નં.૧૦(જુનો) અને ૭/૧ (નવો) જેનો **ટી.પી.સ્કીમ નં. ૧ (વેસુ) ના ફા. પ્લોટ નં. ૪૯** થી નોંધાયેલી જમીન જેનું કુલ્લે ક્ષેત્રફળ ૪૪૩૦ સમ ચો.મી. છે કે જે **‘‘ગોવર્ધન (વેસુ) કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ ’’** ના નામથી ઓળખાય છે તેમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર : બી–૩૨** થી નોંધાયેલ પ્લોટ કે જેનું ક્ષેત્રફળ કુલ ૧૪૦.૦૦ સમ ચો.વાર યાને ૧૧૭.૧૦ ચો.મી. (સીટી સર્વે નં. ૧૩૦૦૪૦) છે તે પ્લોટવાળી જમીન તથા તે ઉપર બાંધકામ સહિતની મિલકત તથા તેને લાગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત તથા **પ્લોટ નંબર : બી–૩૩** થી નોંધાયેલ પ્લોટ કે જેનું ક્ષેત્રફળ કુલ ૧૭૨.૯૨ સમ ચો.વાર યાને ૧૪૪.૬૪ ચો.મી. (સીટી સર્વે નં.૧૩૦૦૬૩) છે તે પ્લોટવાળી જમીન તથા તે ઉપર બાંધકામ સહિતની મિલકત તથા તેને લાગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત તથા **પ્લોટ નંબર : બી–૩૪** થી નોંધાયેલ પ્લોટ કે જેનું ક્ષેત્રફળ કુલ ૯૪.૧૧ સમ ચો.વાર યાને ૭૮.૭૨ ચો.મી. (સીટી સર્વે નં. ૧૩૦૦૬૪) છે તે પ્લોટવાળી જમીન તથા તે ઉપર બાંધકામ સહિતની મિલકત તથા તેને લાગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત (૧) ધર્મિન રમેશભાઈ દલાલ, (૨) કવિતા ધર્મિન દલાલ નાઓની સંયુકત માલિકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી સદર મિલકતો અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતો બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ દર–દાવો, તર–તકરાર કે કબજો હોય કે કોઈને કોઈપણ પ્રકારના વાંધા–વિરોધ, અવરોધ કે અટકાયત હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં અમોને લેખિતમાં પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યેથી કોઈનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક, હિત, હિસ્સો નથી અથવા હોય તો જતા કરેલ છે. એમ માની અમારા અસીલ સદરહુ મિલકતોનો પાકો વેચાણ દસ્તાવેજ કરી–કરાવી લેશે ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા–વિરોધ, અવરોધ કે હરકત ચાલશે નહી અને જો કરશે તો તે આ જાહેર નોટીસથી રદબાતલ ગણાશે જેની જાહેર જનતાએ આ છેવટની નોંધ લેવી. (તા.૧૨/૧૦/૨૦૨૬)

ઓફીસ : ૧૦૭–૧૦૮,શુભમ કોમ્પલેક્ષ,
આનંદ હોસ્પિટલની ગલીમાં,
પોર મહોલ્લો, નાનપુરા, સુરત.

નીરવ આર. દૂધવાલા
તે ખરીદનારના એડવોકેટ

જીલ્લો : સુરત, તાલુકો : ઓલપાડ, મોજે : કારેલી ના બ્લોક નંબર : ૨૩૦ વાળી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લો : **સુરત**, તાલુકો : **ઓલપાડ** ના મોજે **કારેલી** ના બ્લોક **નંબર : ૨૩૦**, સર્વે નં.૨૮૫/૨ થી **નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ હેકટર ૦–૮૩–૯૭ આરે–ચો.મી. યાને ૮૩૯૭ ચો.મી. છે તથા જેનો આકાર રૂા. ૯.૩૧ પૈસા છે, તે વિગતની ખેતીની જમીનવાળી મિલકત (૧) મહેન્દ્રભાઈ મંછારામ મિસ્ત્રી, (૨) મહેશભાઈ મંછારામ મિસ્ત્રી ના વારસદારો ૧. ભારતીબેન તે મહેશભાઈ મંછારામ મિસ્ત્રી ની વિધવા, ૨. ઉર્વશીકુમારી તે મહેશભાઈ મંછારામ મિસ્ત્રી ની દિકરી તથા સંદીપકુમાર પરભુભાઈ લાડ ની પત્ની, ૩. નૈનેશ મહેશભાઈ મિસ્ત્રી અને (૩) પ્રકાશભાઈ મંછારામ મિસ્ત્રી** ઓએ પોતાની સંપૂર્ણ અને સ્વતંત્ર માલિકી અને પ્રત્યક્ષ કબજા, ભોગવટા તેમજ વપરાશમાં હોવાનું, તેમજ મજકુર મિલકતના ટાઈટલ કોઈપણ જાતના બોજારહિત, ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવા નક્કી કરી કિંમતી અવેજ સ્વીકારેલ છે અને જેના અનુસંધાને ટુંક સમયમાં મારા અસીલ તેમની પાસેથી મજકુર મિલકતનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. મજકુર વેચાણના વ્યવહાર સંબંધે કોઈને કોઈપણ જાતનો વાંધો હોય યા મજકુર મિલકતમાં કોઈપણ જાતના હક્ક–હિત, સંબંધ યા લાગ–ભાગ હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન–૧૦ માં તેમના વાંધા, હક્ક–હિત સંબંધે કે લાગ–ભાગ અંગે પુરાવા સહિત અમોને લેખિતમાં જાણ કરવી. ઉપરોક્ત મુદ્દતમાં જો કોઈ વાંધા ન આવે તો કોઈને મજકુર વ્યવહાર સંબંધે કોઈ વાંધો કે તકરાર નથી કે મિલકત સંબંધે કોઈ હક્ક–હિત કે લાગ–ભાગ નથી અને હોય તો તેઓએ જતા કરેલા હોવાનું માની લઈ મારા અસીલ મજકુર મિલકતનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહીં. તેની આથી લાગતા–વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફિસ :જી–૧, ઓમ શાંતિ એપાર્ટમેન્ટ,
પ્લોટ નં. સી/૮૭, આશાપુરી સોસાયટી–૧,
બમરોલી રોડ, ઉધના – પાંડેસરા, સુરત.
મો.નં. ૯૫૩૭૧૦૨૩૦૮

નિમેષ આર. પ્રજાપતિ
તે ખરીદનારના એડવોકેટ એન્ડ નોટરી

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા આથી જણાવવાનું કે **જી. સુરત, તા.મજુરાના મોજે રૂંઢના જુના રે.સ.નં. ૩૬, નવા રે.સ.નં. ૧૮ તેમજ કોમ્પ્યુટરાઈઝડ ૭/૧૨ થયા બાદ રે.સ.નં. ૧૮/પૈકી ૧, જેનું ક્ષેત્રફળ ૧૦૧૬૭ ચો.મી. તથા રે.સ.નં. ૧૮/પૈકી ૨, જેનું ક્ષેત્રફળ ૨૨૩૩ ચો.મી. મળી ૭/૧૨ મુજબ કુલ્લે ૧૨૪૦૦ ચો.મી. બીનખેતીની જમીન, જેને ટી.પી. સ્કીમ નં. ૨૮ (રૂંઢ-વેસુ) લાગુ પડતાં ફા.પ્લોટ નં. ૨૮ ફાળવવામાં આવેલ છે અને જેનું ફા.પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૮૯૩૪ ચો.મી. છે તે બીનખેતીની જમીન તથા તેની ઉપર આવેલ ઈમારત, જે હાલ સેન્ટ્રલ મોલ તરીકે ઓળખાય છે અને અગાઉ આઈરીસ મોલ તરીકે ઓળખાતી હતી. જેમાં બાંધકામનું કુલ કારપેટ ક્ષેત્રફળ ૧૬૩૪૭.૫૫ ચો.મી. છે તે મિલકત અંગે તેના માલિકો : ૧. મર્હુમ મુકેશભાઈ શાંતિલાલ પટેલના તા.: ૨૦.૧૦.૨૦૨૩નાં રોજના રજી. વીલ નં. ૨૮૪૫૧ની રૂએના કાયદેસરના વારસદારો : એ. શર્મિલાબેન તે મુકેશભાઈ પટેલની વિધવા, બી.મોનિકાબેન તે મુકેશભાઈ પટેલની દિકરી, સી.બીનીતાબેન તે મુકેશભાઈ પટેલની દિકરી અને સંકેતભાઈ પટેલની પત્ની, ડી. કૃપાલીબેન તે મુકેશભાઈ પટેલની દિકરી અને નેવીલભાઈ ગોળવાળાની પત્ની તથા ૨. જનકભાઈ શાંતિલાલ પટેલે** હમો પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપર જણાવેલી મિલકતમાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, લાગભાગ, હિસ્સો, કબજો, ગીરો, લિયન વગેરે હોય યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન સાતમાં** (7 Working Days) લેખિત પુરાવાઓ સહિત અમને લેખિતમાં જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો મજકુર મિલકતમાં અન્ય કોઈના હકક, હિત નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે ‘‘વેઈવ’’ કર્યા છે, તેમ ગણી મુદ્દત વીત્યે કોઈની તર-તકરાર કે વાંધા ચાલશે નહીં અને સદરહુ મિલકત અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે તેની તમામ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

ઓફીસ નં. ૫૧૧,
સેન્ટ્રલ બિઝનેસ હબ,
પાર્લે પોઈન્ટ, સુરત.

હમારી મારફત
મનિષ જે. ગાંધી
હિરેન એચ. પટેલ
એડવોકેટ

જાહેર નોટિસ

ડિસ્ટ્રિકટ સુરત, જમીન દફતર નિરીક્ષક કચેરી ઓલપાડ ના વોર્ડ ઓલપાડ (બિનખેતી): સીટી સર્વે નંબર: NA ૩૮૮/૧ વાળી બિનખેતીની જમીન જેમનું ક્ષેત્રફળ ૪૦૩૬૭ ચોરસ મીટર પ્રોપર્ટી કાર્ડ મુજબ અમો (૧) ધીરજલાલ નરશીભાઈ ધાનાણી, (૨) નીલાબેન હિતેષ કુમાર વાછાણી, (૩) ભગવાનભાઈ પ્રેમજીભાઈ ગાબાણી, (૪) રસિકભાઈ ગોરધનભાઈ ચોવટિયા વાળી બિનખેતીની જમીન (૧) ધીરજલાલ નરશીભાઈ ધાનાણી, (૨) નીલાબેન હિતેષ કુમાર વાછાણી, (૩) ભગવાનભાઈ પ્રેમજીભાઈ ગાબાણી, (૪) રસિકભાઈ ગોરધનભાઈ ચોવટિયા પોતાની સંયુકત માલિકી, કબજા, વહીવટ, ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલશ્રીને કિંમતી અવેજ બદલ વેચાણથી આપવાનું નક્કી કર્યુ છે. તથા ડિસ્ટ્રિકટ સુરત, સબ–ડિસ્ટ્રિકટ ઓલપાડના મોજે ગામ : ઓલપાડના સીટી સર્વે / બ્લોક નંબર: ૩૭૫ વાળી બિનખેતીની જમીન જેમનું ક્ષેત્રફળ હેકટર–આરે ૧–૨૦–૪૦ ચોરસ મીટર ૭/૧૨ મુજબ અમો (૧) ત્રિકમભાઈ જેરામભાઈ લખાણી, (૨) જયેશકુમાર ધનસુખલાલ પટેલ, (૩) ઓધવજી પરસોતમભાઈ પટેલ વાળી બિનખેતીની જમીન વેચાણ આપનાર ૧ થી ૩ નાઓ પાસેથી અમારા અસીલ ખરીદ કરનાર છે તથા ડિસ્ટ્રિકટ સુરત, જમીન દફતર નિરીક્ષક કચેરી ઓલપાડ ના વોર્ડ ઓલપાડ (બિનખેતી): સીટી સર્વે નંબર: NA ૪૦૮/૧ વાળી બિનખેતીની જમીન જેમનું ક્ષેત્રફળ ૬૧૭૧ ચોરસ મીટર પ્રોપર્ટી કાર્ડ મુજબ અમો (૧) રસિકભાઈ ગોરધનભાઈ ચોવટિયા તથા અન્યો ૭/૧૨ મુજબ ના સભ્યો વાળી બિનખેતીની જમીન વેચાણ આપનારનાઓ પાસેથી અમારા અસીલ ખરીદ કરનાર છે ઉપરોકત જમીન તથા અન્ય ૭/૧૨ મુજબ ના સભ્યો પોતાની સંયુકત માલિકી, કબજા, વહીવટ, ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલશ્રીને કિંમતી અવેજ બદલ વેચાણથી આપવાનું નક્કી કર્યુ છે. જેથી સદર જમીન સંદર્ભે કોઈપણ વ્યકિત, રાષ્ટ્રીયકૃત બેંક, સહકારી બેંક, કો–ઓપરેટિવ બેંક, સહકારી મંડળી, નાણાકીય સંસ્થાનો કે કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, દરદાવો, લાગભાગ, ભરણપોષણ કે કોઈના સાટાખત, વેચાણનો લેખ, કબજા કરાર યા ચાર્જ, બોજો યા લિયન યા ઈઝમેન્ટના હક્કો યા અન્ય કોઈપણ હકો યા અધિકારો યા લખાણ હોય તો તે અંગે આધારભૂત દસ્તાવેજો દિન–૭ની મુદતમાં અમારા સરનામે રજૂ કરી ખાતરી કરાવશો. સબબ, ઉપરોકત મુદતમાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા, વિરોધ કે તકરાર નહી આવે તો તે અંગે કોઈપણ ઈસમના રાઈટસ, હક્ક, હિસ્સો, લાગભાગ, દરદાવો, ટાઈટલ, ઈન્ટરેસ્ટ ઉપરોકત જમીનમાં નથી યા હોય તો તે વેવ (Waiver) યાને જતા કરેલા હોવાનું માની અમારા અસીલ સદર જમીનના કાયદેસરના લખાણો યા દસ્તાવેજો કરી કરાવી લેશે અને તે અંગે ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની આ જાહેર નોટિસથી સર્વેએ નોંધ લેવી.

૪૩૨, અનુપમ ધી બિઝનેસ હબ,
વિજયનગર–૧ની સામે, યોગી ચોક,
પુણાગામ, સુરત – ૩૯૫૦૧૦
મો. નં: ૯૯૧૩૩–૧૩૫૩૫

જયેશ એ. બોદર
(એડવોકેટ)

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે અમારા અસીલ યાને કે રમીલાબેન રમેશભાઈ પટેલ તથા સુનીલ રમેશભાઈ પટેલ ની માલિકીની ખેતીની જમીન નવસારી ડીસ્ટ્રીક્ટ, નવસારી સબ–ડીસ્ટ્રીક્ટ ના મોજે ગામ : અરસાણ ના સર્વે નંબર : ૫૮ કે જેનો બ્લોક નંબર : ૯૩ તેમજ ખાતા નં. ૧૩૮ વાળી ખેતી જમીન (જુની શરત). જેનું કુલ્લે ક્ષેત્રફળ હે–૩,૫૦–આરે, ૦૧ ચો.મી., આકાર રૂા. ૩૦.૩૫ પૈસા વાળી ખેતીની જમીન પૈકી અમો નોટીસ આપનારના વણ–વહેચાયેલ હિસ્સો યાને કે ૨૨૩૦૨ ચો.મી. યાને ૯.૩૭ વીંઘા વાળી ખેતીની જમીન તેમજ ખેતીની જમીનમાં આવેલ ઝાડ, બીડ, વાડ–વળગણ, શેઢા –પાળી, ખુંટ સહિત તથા ઝાંપાં બંધ સહિત તથા તેને લાગતા–વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો, મુળ હક્કો તથા પરાપૂર્વથી ચાલી આવતા આવવા જવાના રસ્તાના, તેમજ પાણી નિકાલના હક્ક, અધિકાર સહિતની જમીન. સદરહુ ખેતીની જમીન મિલકત માં હર કોઈ વ્યક્તિ કે સંસ્થાનો હરકોઈ પ્રકારનો લાગભાગ, દરદારો, ભરણપોષણ કે કોઈનું સાટાખત, ઈઝમેન્ટ, વારસાઈ કે કોઈ પણ પ્રકારનો હક્ક, હિસ્સો નથી. જો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો હરકોઈ પ્રકારનો લાગભાગ, દરદારો, ભરણપોષણ કે કોઈનું સાટાખત, ઈઝમેન્ટ, વારસાઈ કે કોઈ પણ પ્રકારનો હક્ક, હિસ્સો હોય તો તેની લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખ થી દીન–૭ માં હમોને નીચે જણાવેલ સરનામે પુરાવા સહીત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહું મિલકતમાં કોઈના કોઈ પણ પ્રકારના લાગ–ભાગ, હક્ક, હિત, સંબંધ, દર–દાવાદાવીના પ્રકરણો, ચાર્જ બોજા યા ખોરાકી – પોષાકીના હક્ક અધિકાર નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ હોવાનું માની લઈ મારા અસીલ સદરહું મિલકતનો પાકો વેચાણ દસ્તાવેજ અન્ય કોઈ વ્યક્તિને કરી આપશે. મુદતબાદની તકરાર કે વાંધા જમીન માલીક કે ખરીદનારને બંધનકર્તા રહેશે નહીં જેની લાગતા વળગતા સર્વોએ આખરી નોંધ લેવી.

અમારી સુચના અને ફરમાઈશથી, Rumilaben. R. Patel

તા. ૧૨.૧૦.૨૦૨૬
ઓફિસ : એફ–૫, સિધ્ધિ વિનાયક કોમ્પલેક્ષ,
સચીન ચાર રસ્તા, સચીન, સુરત મો.૯૭૨૭૯૭૫૬૦૫

મારી મારફત, **જીતેશકુમાર આર. રાકા**
તે રમીલાબેન રમેશભાઈ પટેલ તથા
સુનીલ રમેશભાઈ પટેલ ના એડવોકેટ

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની તા. ૨૯.૦૯.૨૦૨૬ ના રોજ ગુજરાત સમાચારમાં પ્રસિદ્ધ થયેલ જાહેર નોટીસ બાબતે જાહેર નોટીસ અને જાહેર ચેતવણી

આથી લાગતા વળગતાને જણાવવાનું કે, નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી જમીનના મૂળ માલિક જગત કાનજીભાઈ વિરડીયા, નિરજ કાનજીભાઈ વિરડીયા તથા જતીન ચતુરભાઈ વિરડીયા (જેને હવે પછી "હમારા અસીલ" તરીકે સંબોધવામાં આવેલ છે.) ચાલી આવેલા. જેઓએ સદરહુ જમીન મેસર્સ ભકિત ઈનકોર્પોરેટ, એક ભાગીદારી પેઢી હાલ ભકિત આઈસોટેકટ એલ.એલ.પી. (જેનો રજીસ્ટ્રેશન નં.AAM-1307 (જેને હવે પછી "સદરહુ ભાગીદારી પેઢી" તરીકે સંબોધવામાં આવેલ છે.) વતી તથા તેના તરફે તેના ભાગીદારો રાકેશકુમાર બાબુભાઈ દુધવાલા, ડિમ્પલ રાકેશકુમાર દુધવાલા, પ્રદિપકુમાર મફતલાલ પટેલ, બંટી નરેશકુમાર સાદડીવાલા, દિનેશભાઈ હિરાભાઈ પટેલ તથા જીગર ગિરીશચંદ્ર ગજ્જરને તા.૨૩.૧૦.૨૦૧૭ ના રોજ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી. જે વેચાણ દસ્તાવેજ સુરતના સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા.૨૩.૧૦.૨૦૧૭ ના રોજ અનુક્રમ નં.૨૧૪૦૧ થી નોંધાયેલ છે. સદર વેચાણ દસ્તાવેજમાં જણાવ્યા મુજબનો વેચાણ અવેજ મજકુર ભાગીદારી પેઢીએ હમારા અસીલને ચુકવી આપેલ નથી અને ખોટા વાયદાઓ કર્યા કરે છે. ભાગીદારી પેઢીએ અમારા અસીલને તા.૨૫.૦૬.૨૦૨૦ અને તા.૩૦.૦૩.૨૦૨૩ ના રોજ વેચાણ અવેજ ચુકવી આપવા માટે લેણા ચુકવણી અંગેના કબુલાતના લેખ લખી આપેલ છે. જેથી કોન્ટ્રાક્ટ એકટ મુજબ સદરહુ ભાગીદારી પેઢી હમારા અસીલની બાકી લેણી રકમ ચુકવી આપવા જવાબદાર છે તથા આ દસ્તાવેજ વાળી જમીન ઉપર અમારા અસીલનો કાયદેસરનો કબ્જા હકક, બોજો વિગેરે ચાલી આવેલા છે અને તે હકીકતે મજકુર ભાગીદારી પેઢીની તરફેણનો દસ્તાવેજ મૂળથી જ રદ્દબાતલ, નિરર્થક, ગેરકાયદેસર અને અવેજ વિનાનો છે. મજકુર ભાગીદારી પેઢીએ સદરહુ વેચાણ દસ્તાવેજ મુજબનો અવેજ ચુકવી આપેલ નથી અને તે હકીકતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (જેને હવે પછી "સદરહુ બેંક" તરીકે સંબોધવામાં આવેલ છે) એ ટાઈટલ જોયા તપાસ્યા વગર જમીન ઉપર બોજો ઊભો કરવાના સ્વરૂપ રૂપે ગેરકાયદેસર રીતે ગીરોમાં લીધેલી છે. જેથી તે ગીરો કાયદામાં "નલ એન્ડ વોઈડ" છે અને દગાયુકત મોર્ગેજ છે. સદરહુ બેંક હમારા અસીલ સાથે છેતરપીડી અને વિશ્વાસઘાત કરેલ છે. અને કાયદા મુજબ જમીન મોર્ગેજમાં લઈ શકાતી ન હોવા છતાં બેંકે મજકુર ભાગીદારી પેઢી સાથે મેળાપીપણામાં જમીન મોર્ગેજમાં લીધેલી છે અને તેમ કરી બેંકએ દગો, છેતરપીડી અને વિશ્વાસઘાત કર્યો છે. અમારા અસીલનો સદરહુ જમીન ઉપર લાગભાગ, હકક હીસ્સો, હીતસંબંધ અને દરદાવો ચાલુ છે અને કોન્ટ્રાકટ એકટ મુજબ પણ ઉપરોક્ત જણાવેલ દસ્તાવેજ કાયદામાં નલ એન્ડ વોઈડ છે. સદરહુ બેંક જમીન ગીરોમાં લેતા પહેલા જમીનના કોઈ ટાઈટલ જોયા નથી. મજકુર પેઢીની બેલેન્સ શીટ જોઈ નથી. બેંક કોઈપણ જાતની તપાસ કર્યા વગર, જમીનના વહેવારો તપાસ્યા વગર, બેંક સ્ટેટમેન્ટો અને પેમેન્ટની વિગત ચકાસ્યા વગર સદરહુ જમીન મોર્ગેજ લીધી છે અને મજકુર ભાગીદારી સાથેના મેળાપીપણામાં બેંકએ અમારા અસીલનો હકક ડુબાડવાના બદઈરાદાથી ખોટી રીતે નાણાંકિય સવલત આપેલી છે તે કાયદામાં ખોટુ અને ગેરકાયદેસર છે અને બેંક સદરહુ જમીન ઉપર કોઈપણ કાર્યવાહી કરી શકતી નથી અને સદરહુ બેંકે અનૈતિક વ્યવહારોને નજરઅંદાજ કરીને એક કૌભાંડ આચરેલુ હોય તેવું જણાય છે અને મજકુર ભાગીદારી પેઢી અને બેંકએ એક બીજાના મેળાપીપળામાં અમારા અસીલ સાથે છેતરપીડી, દગો ફટકો અને વિશ્વાસઘાત કર્યો છે. જેથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ સદરહુ જમીન ગીરોમાં લીધેલ છે તે ગીરો લખાણ કાયદામાં નલ એન્ડ વોઈડ અને બીનઅમલી છે. મોર્ગેજ ગેરકાયદેસરનું છે. જેથી તે મોર્ગેજ થકી કોઈપણ વધુ કાર્યવાહી કરવા બેંકને કોઈ હકક અને અધિકાર નથી. સદરહુ જમીન બેંક ના કાયદેસરના મોર્ગેજમાં ન હોવાથી તે બાબતે કોઈપણ કાર્યવાહી કરવા હસ્તે પરહસ્તે હકક અને અધિકાર નથી. ઉપરોક્ત વિગતને આધીન સદરહુ ભાગીદારી પેઢી ઉપર તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઉપર અમારા અસીલે મહેરબાન સુરતના આઠમાં એડિશનલ સિનિયર સિવિલ જડજ સાહેબની કોર્ટમાં સ્પે.દિ.મું.નં. ૨૯૦/૨૦૨૫ તા.૨૯.૧૨.૨૦૨૫ના રોજ મોર્ગેજ ડીડ નં.૪૭૮૩/૨૦૧૮ તથા મોર્ગેજ ડીડ નં.૧૭૫૬૨/૨૦૨૪ રદ કરવા તથા દસ્તાવેજ નં.૨૧૪૦૧/૨૦૧૭ રદ કરાવવા માટે તથા સદરહુ જમીન થકી બાકી લેણા વસુલ મેળવવા દાવો કરેલો છે અને મનાઈ હુકમની માંગણી કરેલી છે અને ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ મુજબ લીઝ પેન્ડન્સની નોંધ તા.૦૮.૦૧.૨૦૨૬ના રોજ સબરજીસ્ટ્રાર કચેરી અડાજણમાં અનુક્રમ નં. ૭૭૦ થી નોંધવામાં આવેલ છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સદરહુ જમીન બાબતે ગેરકાયદેસરની પ્રવૃત્તિ કરી જમીનમાં અમારા અસીલના હકકમાં ન્યુનતા લાવવાની કોશીશ કરી રહયા છે. જેથી આ જાહેર ચેતવણી થકી જણાવવાનું કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સાથે સદરહુ જમીન બાબતે કોઈએ કોઈપણ પ્રકારનો વ્યવહાર હસ્તે–પરહસ્તે કરવો–કરાવવો નહી અને જો કરશે યા કરાવશે તો અમારા અસીલ સદરહુ ભાગીદારી પેઢી તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના તથા લાગતા વળગતા અધિકારીઓ સામે એકબીજાના મેળાપીપળામાં કરેલા નાણાંકીય કૌભાંડ અંગે ફોજદારી કાર્યવાહી શરૂ કરી છે. જેથી સદરહુ જમીન અંગે કોઈપણ વ્યક્તિ કે સંસ્થા કોઈપણ પ્રકારનો વ્યવહાર હસ્તે પરહસ્તે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સાથે કરશે તો તે વ્યવહાર રદ્દબાતલ ગણાશે અને કાયદેસરનો ટાઈટલ કે કબજો કોઈને મળશે નહી અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તથા સદરહુ ભાગીદારી પેઢી સાથે મેળાપીપળામાં કૌભાંડ અંગે સહ ભાગીદાર ગણાશે અને તેની સામે પણ ફોજદારી રાહે પગલાં હમારા અસીલ ભરશે તેની ગંભીર પણે જાહેરે નોંધ લેવી.

અમારા અસીલ તરફે આ અગાઉ તા.૧૦/૩/૨૦૨૬ ના રોજ ઉપરની હકીકતો ને લઈ જાહેર ચેતવણી/નોટીસ સ્થાનિક દૈનિક ગુજરાત સમાચાર/ દિવ્યભાસ્કરમા છપાવેલ છે. દાવાનો જવાબ પણ બેંક તરફથી આપી શકાયા નથી. જવાબ આપવાની સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ છે. આવી સાચી અને કાયદેસરની હકીકત છતા હાલમા બેંક ધ્વારા ફરીથી તા.૨૯/૯/૨૦૨૬ ના રોજ જાહેર હરાજીની નોટીસ આપવામા આવેલ છે જે પણ કાયદેસર નથી અને તે મુજબ વેચાણ કરવાના કોઈ હકક અધિકાર પણ બેંકને નથી. આ હકીકત છતા બેંક ધ્વારા હરાજીની નોટીસ ઉપરાંત તા. ૨૧/૬/૨૦૨૬ના રોજ પોતાની હરાજીની નોટીસ ના સમર્થન માટે જે જાહેર ખુલાસા કરવામા આવેલ છે તે પણ ખરા નથી અને કાયદેસર નથી કે તેનાથી કોઈએ ભરમાવુ નહી કે ફસાવુ નહી. આથી આ સાચી અને કાયદેસરની હકીકતે બેંક સાથે સદરહુ જમીન બાબતે કોઈપણ કાર્યવાહીમા ભાગ લેવો નહી કે હસ્તે–પરહસ્તે વ્યવહાર કરવો–કરાવવો નહી અને જો કોઈપણ વ્યક્તિ, પેઢી, સંસ્થા કે કંપની સદરહુ જમીન કે તે પૈકીના કોઈપણ ભાગ બાબતે હસ્તે–પરહસ્તે વ્યવહાર કરશે તો અમારા અસીલ તે તમામ વ્યક્તિ, સંસ્થા કે કંપની વિરૂદ્ધ દિવાની તથા ફોજદારી રાહે કાર્યવાહી કરશે અને જમીનમાં કોઈપણ પ્રકારના કાયદેસરના માલીકીના કે કબજા ના હકક/ટાઈટલો મળશે નહી તથા ઝગડા સિવાય કંઈ મળશે નહી તેની પણ જાહેર જનતાએ નોંધ લેવી.

જમીનની વિગત

સુરત ડિસ્ટ્રીકટ સબ–ડિસ્ટ્રીકટ સુરત સીટી (અડાજણ) ના ગામ અડાજણના રે.સ.નં.૬૫૨/૧ તથા નં.૬૫૨/૨ એકત્રીકરણ સર્વે બાદ સર્વે નં.૬૫૨/૧ વાળી સુમારે ૬૯૮૧.૦૦ ચો.મી. ક્ષેત્રફળવાળી જમીન જેનો સમાવેશ ફાઈનલ ટી.પી.સ્કીમ નં.૩૧ (અડાજણ) માં થતાં સદરહુ જમીનને ઓરીજનલ પ્લોટ નં.૧૨૧ આપી ફાઈનલ પ્લોટ નં.૫૪ થી નોંધાયેલ જમીન જેનું ક્ષેત્રફળ ૫૧૯૯.૦૦ ચો.મી. છે તે જમીન દરોબસ્ત.

મારી સુચનાથી – જગત કાનજીભાઈ વિરડીયા વિગેરે.

જાગીરદાર હાઉસ, ૧૭/બી, જમના નગર,
શિવાજી પાર્ક નજીક, ઘોડદોડ રોડ, સુરત

વિપુલ ડી જાગીરદાર
પ્રત્યુષ વિપુલ જાગીરદાર
જગત કાનજીભાઈ વિરડીયા વિગેરેના એડવોકેટ્સ

સીટી સર્વે વોર્ડ નં.૩, નોંધ નં. ૩૧૨૮, જેનો હાલનો નોંધ નં. ૩૧૨૮/અ/૧ વાળી મિલકત બાબત જાહેર ચેતવણી

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીક્ટ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ સીટી તાલુકા શહેર સુરતના ઈન્દરપુરા ગધેવાન વિસ્તારમાં આવેલ ડી.કે.એમ. હોસ્પીટલની પાછળના વિસ્તારમાં આવેલ **સીટી સર્વે વોર્ડ નં.૩, નોંધ નં.૩૧૨૮, જેનો હાલનો નોંધ નં. ૩૧૨૮/અ/૧** થી નોંધાયેલી મિલકત પૈકી પશ્ચિમ તરફથી ગણતા ભોંયતળીયાના ભાગે આવેલી બીજી દુકાન કે જેનું માપ આશરે ૧૦ X ૨૫ ફુટ છે. જેનું મ્યુનીસીપલ દફતરે વપરાશનું ક્ષેત્રફળ ૨૫.૫૫ ચો.મી. છે, જેના મ્યુનીસીપલ ટેનામેન્ટ નં. ૦૦૩સી–૨૭–૧૧૪૧–૦–૦૦૨ વાળા વેરા બીલમાં પણ હમો ભાડુઆત તરીકે **કાનજીભાઈ ભવનભાઈ પટેલ**નું નામ ચાલી આવેલા છે આમ, સદરહું મિલકતમાં હમોના ભાડુઆત તરીકેના હક્ક-અધિકારઓ ચાલી આવેલ છે. જે બાબત હમોએ નામ.સિવિલ કોર્ટમાં **સ્મોલ દિ.મુ.નં. ૩૯૩/૨૦૨૨** થી દાવો દાખલ કરેલ છે અને તેમાં મનાઈ અરજી પણ આપેલ છે. જે દાવો હાલ આજે પણ પેન્ડીંગ છે. પરંતુ તેમ છતાં કેટલાક શખ્સો સદરહુ મિલકત હમારા ભાડુઆતના હક્કોને નુકશાન કરવાના બદઈરાદા પુર્વક હમારી ભાડુઆત તરીકેની હકીકતો છુપાવી ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરવા ફરી રહેલ છે. જેમ કરવા તેઓના કાયદેસરનાં કોઈ હક્કો પ્રાપ્ત થતા નથી. જેથી સદરહુ મિલકત બાબત હમારા ભાડુઆતના હક્કોને નુકશાન થાય તે રીતે કોઈની પણ સાથે કોઈપણ પ્રકારના વ્યવહાર કરવા કરાવવા નહી. તેમ કરવામાં કસૂર કરવામાં આવશે તો વ્યવહાર કરનારને કોઈ હક્કો પ્રાપ્ત થશે નહી અને કોર્ટ પ્રકરણોમાં સંડોવાવુ પડશે. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

જાહેર જનતા ખોટી રીતે ખોટાં વ્યવહારમાં ફસાય ન જાય તેવા શુભ હેતુસર જાહેર હીતમાં હાલની આ જાહેર ચેતવણી આપેલ છે.

આ જાહેર ચેતવણી મારી સુચના અને ફરમાઈ મુજબ આપવામાં આવેલ છે.

હસ્તક : કાનજીભાઈ ભવનભાઈ પટેલ

જયેશ આર. દાણેચા તે સ્મોલ દિ.મુ.નં. ૩૯૩/૨૦૨૨ ના વાદી
મો.નં. ૯૮૨૫૪ ૯૬૯૦૧ કાનજીભાઈ ભવનભાઈ પટેલના એડવોકેટ
-:: ઓફિસ ::-
વેસુ : ૨૦૭, બીજોમાળ, અવધ એરેના, શ્રી ખાટુ શ્યામ મંદિર પાસે, VIP રોડ, વેસુ, સુરત.
સીટી : ૧૦/૭૯૩, ઓફિસ નં.૨, રામેશ્વર એપાર્ટમેન્ટ, રતન શંકર માસ્તરની શેરી, અંબાજી રોડ, સુરત.